# Visit of Vice President of India to Gabon (30 May – 1 June, 2022)

June 01, 2022

# ભારતનાં ઉપ રાષ્ટ્રપતિની ગેબોનની મુલાકાત (30 મે - 1 જૂન, 2022)

01 જૂન, 2022

તેઓની ત્રણ રાષ્ટ્રોનાં પ્રવાસનાં ભાગ રૂપે, ભારતનાં માનનીય ઉપ રાષ્ટ્રપતિ શ્રી એમ વેંકૈયા નાયડુ 30 મે - 1 જૂન 2022 સુધીની નતેઓની સૌપ્રથમ ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષિય અધિકૃત મુલાકાત પર 30 મે નાં રોજ ગેબોનમાં આવી ચૂક્યા હતા. ભારતના માનનીય ઉપ રાષ્ટ્રપતિ સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટેનાં રાજ્યકક્ષાનાં મંત્રી ડૉ. ભારતી પ્રવિણ પવાર (રાજ્ય સભા) અને ત્રણ સંસદસભ્યો, શ્રી સુશિલ કુમાર મોદી (રાજ્ય સભા), શ્રી વિજય પાલ સિંઘ તોમર (રાજ્ય સભા) અને શ્રી પી. રવિન્દ્રનાથન (લોક સભા) સહિતનું ઉચ્ચ-સ્તરિય પ્રતિનિધિ મંડળ હતું. આ મુલાકાત આફ્રિકા સાથી નિકટતાથી જોડાણ કરવાની કટિબદ્ધતા દર્શાવે છે. તેઓનાં આગમન પર, ગેબોનનાં વડાપ્રધાન મહામહિમ શ્રીમતિ રોઝ ક્રિશ્ચિયન ઓસુકા રેપોન્ડા અને વિદેશ મંત્રી મહામહિમ માઈકલ મોસા-એડામો દ્વારા હુંફાળુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

31 મે નો દિવસ મુખ્ય અધિકૃત સામેલગીરીનો દિવસ હતો, તે દિવસે ભારતનાં માનનીય ઉપ રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમાન અલી બોન્ગો ઓન્ડિમ્બાને મળ્યા હતા, જેઓએ રાષ્ટ્રપતિ પેલેસ પર તેઓનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. ગેબોનીઝ રાષ્ટ્રપતિએ 2015 અને 2018 માં તેઓએ લીધેલી ભારતની મુલાકાતોની મધુર યાદો તાજી કરી હતી ઉપ રાષ્ટ્રપતિએ ગેબોનનાં વડાપ્રધાન મહામહિમ શ્રીમતિ રોઝ ક્રિશ્ચિયન ઓસુકા રાપોન્ડા સાથે એક સાથે એક સ્તરની ચર્ચા કરી હતી ત્યારબાદ વડાપ્રધાન અને તેણીનાં કેબીનેટનાં સાથીદારો સાથે પ્રતિનિધિ મંડળ સ્તરની વાતો કરી હતી જેમાં પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને બહુપક્ષીય મુદ્દાઓ સહિત દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર બાબતોની સમીક્ષા કરી હતી. બન્ને નેતાઓએ સક્રિય આર્થિક જોડાણની પણ ચર્ચા કરી હતી અને સહકાર માટેનાં નવા ક્ષેત્રોની ઓળખ કરી હતી, ખાસ કરીને કૃષિ, હરિત ઊર્જા, ખાણકામ, આરોગ્ય અને ફાર્મા, આઈસીટી, સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા. બન્ને પક્ષોએ મહત્વનાં ક્ષેત્રોમાં કૌશલ્ય વિકતાસ/તાલીમ અને ક્ષમતા નિર્માણમાં સહકાર માટેની જરૂરીયાતની નોંધ લીધી હતી. અગાઉ નાણા મંત્રી મહામહિમ માઈકલ મોસૃએડેમોએ ભારતનાં માનનિય ઉપ રાષ્ટ્રપતિ સાથે શુભેચ્છાની વાતચીત કરી હતી. બન્ને પક્ષોએ બે સમજૂતિ કરારો/એગ્રિમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા: (i) ભારતનાં એસએસઆઈએફએસ અને ગેબોનનાં વિદેશ મંત્રાલય વચ્ચે સહકાર માટેનો સમજૂતિ કરાર, અને (ii) બન્નેનાં વિદેશ મંત્રાલયો વચ્ચે સંયુક્ત કમિશનની સ્થાપનાં માટેની સમજૂતિ. ગેબોનીઝ પક્ષે લિબ્રેવિલેમાં આપણા નિવાસી મિશન ખોલવા માટેની વિનંતી કરી હતી.

ઉપ રાષ્ટ્રપતિએ રાષ્ટ્રિય સંસદનાં અધ્યક્ષ અને સેનેટનાં અધ્યક્ષ સાથે સંયુક મીટિંગ પણ કરી હતી જેમાં ગેબોનીઝ સંસદનાં કેટલાક સભ્યો પણ હાજર રહ્યા હતા. લોકતાંત્રિક મૂલ્યો અને પરંપરાઓ જાળવી રાખવા માટે બન્ને પક્ષોએ આગેવાનીની પ્રસંશા કરી હતી અને નિયમિત સંસદીય આદાનપ્રદાનો કરવા પર સંમત થયા હતા.

ગેબોનમાં સીઆઈઆઈ દ્વારા આયોજીત બિઝનેસ ફોરમ ઈવેન્ટમાં ઉપ રાષ્ટ્રપતિએ સંબોધન કર્યું હતું, જેણે ખોજ મુલાકાત પર 15 સભ્યોનાં પ્રતિનિધિ મંડળની આગેવાની કરી હતી. ભારતનાં માનનિય ઉપ રાષ્ટ્રપતિએ ગેબોનમાં સ્થિત નાનકડા પરંતુ વાઈબ્રન્ટ ભારતીય સમુદાય સાથે પણ આદાનપ્રદાનો કર્યા હતા.

સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રિય મંચ પર એકબીજાની ઉમેદવારીઓને પારસ્પરિક સમર્થન પ્રદાન કરવાની બાબતની બન્ને પક્ષોએ પ્રસંશા કરી હતી. આબોહવાનાં પરિવર્તન, આતંકવાદનો સામનો અને યુએનનાં સુધારા પર સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનાં બિન-કાયમી સભ્યો તરીકે નિકટતાથી કામ કરવા ભારત અને ગેબોન સંમત થયા હતા. જેનાં માટે 7 જુલાઈ, 2022 નાં રોજ ચૂંટણી થવાની છે તે આઈએફએડીનાં પ્રમુખ માટેનાં આપણા ઉમેદવારને સમર્થન આપવાની આપણી વિનંતી પર, ગેબોનનાં નેતાએ યોગ્ય વિચારણા કરવાનો સંકેત આપ્યો હતો.

આ મુલાકાત દરમિયાન, ઉપ રાષ્ટ્રપતિએ સુષ્મા સ્વરાજ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફોરેન સર્વિસીસ પર 20 ગેબોનીઝ રાજદ્વારીઓની બેચ માટે વિશેષ તાલીમ પ્રોગ્રામની જાહેરાત કરી હતી.

01 જૂન નાં રોજ લિબ્રેવિલેથી તેઓનાં પ્રસ્થાન પહેલા, ઉપ રાષ્ટ્રપતિએ ગેબોન સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની (જીએસઈઝેડ) મુલાકાત લીધી હતી, જ્યાં આશરે 54 ભારતીય કંપનીઓ કામગીરી કરી રહી છે.

**લિબ્રેવિલે**
**01 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.